## કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી કોલેજ
## આણંદ કૃષિ યુનિવર્સિટી
## ગોધરા-૩૮૯૦૦૧

---

**" Her Health, Her Happiness, Her Empowerment"**

પર **29 માર્ચ 2025** ના રોજ **જેન્ડર ચેમ્પિયન્સ કલબ અને બેસિક એન્જિનિયરિંગ અને એપ્લાઇડ સાયન્સ** વિભાગ દ્વારા સેમિનાર નું આયોજન, CAET, AAU, Godhra ખાતે કરવામાં આવ્યું હતું.

એક સ્વસ્થ સમાજની શરૂઆત મહિલા સશક્તિકરણ થી થાય છે, જે તેમની ખુશી, સ્વચ્છતા અને આરોગ્ય દ્વારા ખીલે છે. B.Tech ના વિદ્યાર્થીઓ દ્વારા આંતરરાષ્ટ્રિય મહિલા દિવસની ઉજવણી નું આયોજન કરવામાં આવ્યું.

સેમિનાર ની શરૂઆત જેન્ડર ચેમ્પિયન્સ ના નોડલ શિક્ષક મિસીસ શેફાલી મોદી અને BEAS વિભાગ ના HOD ડો. બ્રિજેશ અમીન દ્વારા કરવામાં આવી હતી . જેમણે વિદ્યાર્થીઓને સારા સ્વાસ્થ નું સુ મહત્વ છે અને તેનું ધ્યાન કઈ રીતે રાખવું માટે નું માર્ગદર્શન આપ્યું. અમારી કોલેજ ના પ્રિન્સિપાલ તથા ડિન શ્રી ડો. આર. સુબૈયાહ સરે આપણા સમાજમાં મહિલાઓના સ્વાસ્થ ની સ્થિતિ વિશે ની જાણ આપી અને અમને સૌને અમારા સારા ભવિષ્ય માટે માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ સેમીનાર ને વિશેષ મહેમાનો, શ્રીમતી રશિદા પેટન્ટ અને શ્રીમતી તસ્નીમ અંતેલવાલા ને પ્રમાણિત સર્વગ્રાહી કોચ સોંપવામાં આવ્યું . તેઓએ તેમની પ્રેરણાદાયક જીવનકથાઓ અમારા સમક્ષ રજૂ કરીને, તેમજ તેઓએ જે પડકારો નો સામનો કર્યો હતો તે જણાવીને શરૂઆત કરી . તેઓએ સમય સાથે સ્ત્રીઓનું શરીર કેવી રીતે વિકાસ પામે છે અને આ ફેરફાર દરમિયાન સંભાળ રાખવાના મહત્વ વિશેની વાત કરી .સારી તંદુરસ્તી માટે શું ખાવું અને કેવી રીતે ખાવું તે બંને બાબત પર ધ્યાન આપવા જણાવ્યું . બાદમાં વિદ્યાર્થીનીઓ એ એક મનોરંજક રમત નો આનંદ માણ્યો હતો જે હળવી કસરત નો એક ભાગ હતો. જેથી સેમિનારમાં એક અલગ જ ઉત્સાહ નો માહોલ છવાઈ જાય છે. અંતે, શ્રીમતી એસ. કે. મોદી તથા જેન્ડર ચેમ્પિયન્સ કલબ ના શિક્ષકો દ્વારા પ્રસાવિત આભાર મત સાથે સેમિનાર ની સમાપ્તી થઈ.

**GALLERY**






